**Alembic** Touching Lives over 100 years

# એલેમ્બિક લિમિટેડ

CIN : L26100GJ1907PLC000033
રજીસ્ટર્ડ ઑફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૩
ફોન : +૯૧ ૨૬૫ ૬૬૩૭૩૦૦
ઈ–મેલ : alembic.investors@alembic.co.in
વેબસાઈટ : www.alembiclimited.com

## નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની **૧૧૭મી વાર્ષિક સામાન્ય સભા** (''એજીએમ'') **સોમવાર, તા. ૧૨મી ઓગષ્ટ, ૨૦૨૪** ના રોજ **બપોરે ૪:૩૦ કલાકે** કંપની અધિનિયમ, ૨૦૧૩ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે જારી કરાયેલ વિવિધ પરિપત્રો દ્વારા નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરતા વિડિયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ("OAVM") દ્વારા યોજાશે.

જો એજીએમમાં મંજૂર કરવામાં આવે તો 2023-24 ના ફાઈનાન્સીયલ વર્ષ માટે ડિવિડન્ડની ચુકવણીના હેતુથી સભ્યોની હકદારી નક્કી કરવા માટે કંપનીએ સોમવાર, તા. ૫મી ઓગષ્ટ, ૨૦૨૪ ને 'રેકોર્ડ ડેટ' તરીકે નિશ્ચિત કરી છે.

એજીએમની નોટિસ સહિતનો વાર્ષિક અહેવાલ જેમાં VC / OAVM દ્વારા એજીએમમાં જોડાવવા તથા ઈ-મતદાન કરવાની પ્રક્રિયા અને પદ્ધતિનો સમાવેશ થાય છે, તે ફક્ત એવા સભ્યોને જ મોકલવામાં આવશે જેમના ઈ-મેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.alembiclimited.com પર, સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટ એટલે કે બીએસઈ લિમિટેડ, www.bseindia.com પર, અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ, www.nseindia.com તથા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

SEBI ના માસ્ટર સર્ક્યુલર નંબર SEBI/HO/MIRSD/POD-1/P/CIR/2024/37 તા. ૭મી મે, ૨૦૨૪ અને સાથે વાંચતા તા. ૧૦મી જૂન, ૨૦૨૪ ના SEBI ના સર્ક્યુલર નંબર SEBI/HO/MIRSD/POD-1/P/CIR/2024/81 ના અનુસંધાનમાં, જે શેરધારકો ફિઝિકલ મોડમાં શેર્સ ધરાવતા હોય તેમને નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે કે, જો ફોલિયો(ઓ) પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN), સંપર્ક વિગતો, મોબાઈલ નંબર, બેંક ખાતાની વિગતો અને નમૂનાની સહી સાથે અપડેટ કરવામાં ન આવે, તો આ ફોલિયો(ઓ)ના સંદર્ભમાં ઉપરોક્ત તમામ વિગતો રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને સંપૂર્ણ રીતે પ્રદાન કર્યા પછી ડિવિડન્ડ, વ્યાજ અથવા રિડેમ્પશન સહિતની કોઈપણ ચુકવણી, ૧લી એપ્રિલ, ૨૦૨૪ થી ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા જ લાગુ કરવામાં આવશે.

**વિવિધ વિગતોની નોંધણી / અપડેશનઃ**

નામ, પોસ્ટલ સરનામું, ઈ-મેલ સરનામું, ટેલિફોન / મોબાઈલ નંબર, PAN, નોમિનેશન, પાવર ઓફ એટર્ની, બેંક વિગતો જેમ કે બેંકનું નામ અને શાખા, બેંક એકાઉન્ટ નંબર, MICR કોડ, IFSC કોડ વગેરેની નોંધણી / અપડેશન માટેની પ્રક્રિયાઃ

i જો શેર્સ ફિઝિકલ મોડમાં ધરાવતા હોય, તો તે સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સેબીના રજીસ્ટ્રાર માટેનાં તારીખ ૭મી મે, ૨૦૨૪ ના માસ્ટર સર્ક્યુલર નંબર SEBI/HO/MIRSD/POD-1/P/CIR/2024/37 હેઠળ નિર્ધારિત ફોર્મ્સમાં તેમની સર્વિસ વિનંતી કરે.

ફોર્મ્સ કંપનીની વેબસાઈટ https://www.alembiclimited.com/#forms પર અને કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ. ("LIIPL") ની વેબસાઈટ https://liiplweb.linkintime.co.in/KYC-downloads.html પર ઉપલબ્ધ છે.

ii જો શેર્સ ડિમેટ મોડમાં ધરાવતા હોય, તો સભ્યોએ ઉપરોક્ત સંદર્ભિત વિગતો તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ સાથે અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.

**ડિવિડન્ડ પર ટીડીએસઃ**

આયકર અધિનિયમ, ૧૯૬૧, ની પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર, કંપનીને તેના શેરધારકોને ચૂકવવામાં આવતા ડિવિડન્ડ પર નિર્ધારિત દરે ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ (TDS) કાપવો જરૂરી છે. TDS નો દર શેરધારકના રહેણાંક સ્થિતિ તથા તેઓએ સબમીટ કરેલ દસ્તાવેજો જે કંપની દ્વારા સ્વીકારેલા હોય તેના આધારે બદલાશે. આથી શેરધારકોને તેમના PAN ઉપર દર્શાવેલ પ્રક્રિયા મુજબ અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે, જેથી ઊંચા દરે ટીડીએસ ની કપાત ટાળી શકાય.

શેરધારકોને LIIPL ની વેબસાઈટ https://liiplweb.linkintime.co.in/formsreg/submission-of-form-15g-15h.html ની મુલાકાત લઈ ફોર્મ 15G/15H, કલમ ૧૯૬, ૧૯૭A અંતર્ગત દસ્તાવેજો, એફપીઆઈ રજીસ્ટ્રેશન સર્ટિફીકિટ, ટેક્ષ રેસીડન્સી પ્રમાણપત્ર, લોઅર ટેક્સ સર્ટિફિકેટ અપલોડ કરવા વિનંતી છે, જેથી કંપની યોગ્ય TDS / વીથહોલ્ડિંગ ટેક્સનો લાગુ પડતો દર નક્કી કરી શકે.

**એલેમ્બિક લિમિટેડ વતી,**
સહી/-
**કેવલ ઠક્કર**
**કંપની સેક્રેટરી**

**સ્થળ** : વડોદરા
**તારીખ** : ૧૩મી જુન, ૨૦૨૪

આ નોટીસ કંપનીની વેબસાઈટ **www.alembiclimited.com** ના ઈન્વેસ્ટર સેક્શન અને સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટ **www.bseindia.com** અને **www.nseindia.com** ના કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ રહેશે.